# ગઝલ

## કીરીટ ગોસ્વામી

### .1.

ફક્ત દીલની  સફાઈ માગે છે;
પ્રેમ ક્યાં પંડીતાઈ માગે છે?

આંખની ઓળખાણ છે કાફી;
લાગણી ક્યાં ખરાઈ માગે છે?

જોઈએ સુખ બધાંને પોતીકાં;
કોણ પીડા પરાઈ માગે છે!

નામ ભગવાન એ જ વ્યક્તીનું;
જે બધાંની ભલાઈ માગે છે!

એક ઝાંખી જ જોઈએ તારી;
જીવ બીજું ન કાંઈ માગે છે.

### .2.

બધું મીથ્યા ગણી બેઠો, હવે જે થાય તે સાચું;
જગતને અવગણી બેઠો, હવે જે થાય તે સાચું!

ગયો બારાક્ષરીની બ્હાર એને શોધવા કાજે:
નવો કક્કો ભણી બેઠો, હવે જે થાય તે સાચું!

વીચારોના નગરમાં નીકળ્યો'તો ટ્હેલવા ખાતર,
અજબ મહેલો ચણી બેઠો, હવે જે થાય તે સાચું!

પ્રથમ જે નામ લીધું 'તું અમસ્તું ને અનાયાસે;
પછી શ્વાસે વણી બેઠો, હવે જે થાય તે સાચું!

પરીક્ષા આકરી આપી રહ્યો છું એ જ શ્રદ્ધાથી:
હશે સામે ધણી બેઠો : હવે જે થાય તે સાચું!

## .3.

મરમી કોઈ વાત ખુલે છે...
ધીમે-ધીમે જાત ખુલે છે...

પડતાં સાહીબનો પડછાયો,
ભીતર રંગો સાત ખુલે છે...

કોરાં જીવતરનાં વસ્તરીયે,
સમજણની કૈં ભાત ખુલે છે...

પળમાં પવનો શાંત સમયના;
પળમાં ઝંઝાવાત ખુલે છે...

તને કહું કાં લખું ગઝલમાં;
ક્યાં બીજે આઘાત ખુલે છે?

## .4.

એક ગમતું નામ ભુલી જાઉં, એવો કોઈનો આદેશ છે;
ને વ્યથામાં સાવ ડુબી જાઉં, એવો કોઈનો આદેશ છે.

આગ હું ચાંપું પ્રથમ રંગો ભરી, મુજ સ્વપ્નની નગરી મહીં;
ને પછી એમાં જ કુદી જાઉં, એવો કોઈનો આદેશ છે.

ક્યાં રજા છે આગવો એક્કેય યારો, શ્વાસ લેવાની મને;
પુર્વજોની રીત ઘુંટી જાઉં, એવો કોઈનો આદેશ છે.

કોઈ મારી વેદના સમજે ન સમજે, ગૌણ એ બાબત ગણી;
હું બધાંનાં આંસુ લુછી જાઉં, એવો કોઈનો આદેશ છે.

આ પરીચીત માર્ગ પરથી સાવ છેલ્લી વાર જ્યારે નીકળું;
ના અહીં પગલુંય મુકી જાઉં, એવો કોઈનો આદેશ છે.

## .5.

જે થયું સારું થયું ને જે થશે સારું થશે;
એટલી સમજણ હશે તો આ જગત તારું થશે.

થાય છે માઠા દીવસ પણ આખરે મીઠા કદી,
આજ નહીં તો કાલ, સઘળું દુર અંધારું થશે.

જોઈએ બસ, જોઈએ ખુદનો ભરોસો સામટો;
એ વીના જીવન પળેપળ સાવ નોંધારું થશે.

દાદ એને આપશો તો દુઃખ વધુ દુઃખ આપશે,
સુખ વધુ સુખ આપશે, જો નીત્ય સહીયારું થશે.

મન હવે ચાલ્યું છે ભીતરના પ્રવાસે બસ, 'કીરીટ';
બસ, હવે જે કંઈ થશે તે કામ કંઈ ન્યારું થશે

## .6.

સત્-અસત્ ના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે,
મન! મમતના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે!

તો જ ભીતરના જગત પર રાજ સરખું થઈ શકે;
આ જગતના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે!

હર-વખત ‘હા-ના’થી આગળ મન વધી શકતું નથી;
હર-વખતના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે!

જે મળે એને જ મીલકત માનશું મોંઘી હવે,
છત-અછતના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે!

જોઈએ સંબંધનું આકાશ ખુલ્લું બસ, ‘કીરીટ’
સૌ શરતના યુદ્ધમાંથી પાર તો પડવું જ છે!

## .7.

કોઈ વાતે માનવાનું તો નથી,
મન બીજાને ચાહવાનું તો નથી!

તોય લઉં છું રાહ જોવાની મજા:
કોઈ ઘરમાં આવવાનું તો નથી!

હું જ મારી આગમાં આખર બળીશ;
કોઈ તારું દાઝવાનું તો નથી!

સાવ કાચું લાગણીનું ફળ ખરે;
એ સમજથી પાકવાનું તો નથી!

ભાગ્ય મારું, બંધ પરબીડીયું 'કીરીટ',
કોઈ આવી વાંચવાનું તો નથી!

**.8.**

કોઈ સાથે લાગણી બંધાય છે,
મુળ દુ:ખનાં ત્યાં જ તો નંખાય છે!

પોતપોતાની ઉકેલે સહુ વ્યથા;
ક્યાં પીડાઓ પારકી વંચાય છે?

એમનાથી માળવા પ્હોંચાય નહીં;
જેમનું મન હર ઘડી શંકાય છે!

વારતા શરુઆતમાં સારી ભલે;
વાત-વાતે એ પછી વંકાય છે!

રંગ સંસારી બધા ભોઠા 'કીરીટ'.
સાવ ઠાલી આંખ આ અંજાય છે!

**.9.**

સાંજ પડતાં કોઈનો સથવાર ફુટી નીકળે,
અર્થ નવતર સાંજનો તો યાર, ફુટી નીકળે!

તું ન હો એવી ક્ષણે ઘાયલ ન થાઉં કેમ હું;
આ પવનની લ્હેરને પણ ધાર ફુટી નીકળે!

રાખ ચાહતનું વલણ તું દોસ્ત, એવું કાયમી;
દુશ્મનોની આંખમાં પણ પ્યાર ફુટી નીકળે!

મને ચહે તો હારમાં પણ જીતની આવે મજા;
મન વગરની જીતમાંથી હાર ફુટી નીકળે!

છે નીરાળો આ ગઝલના સંગનો જાદુ 'કીરીટ',
સાવ સુના જીવમાં ઝન્કાર ફુટી નીકળે!

## .10.

ભીતર પાક્કો પરવાનો છે,
તોય તને આ ડર શાનો છે?

સાવ ભુલી જા, કોરી વાતો,
રંગબીરંગી અરમાનો છે!

પળમાં દરીયો શાંત છે મનનો,
પળમાં પાછાં તોફાનો છે!

પાછીપાની છોડ, મુસાફર,
લાખ ભલેને વ્યવધાનો છે!

કોણ 'કીરીટ' અહીંનું રહેવાસી?
અહીંયાં તો સૌ મહેમાનો છે!

કીરીટ ગોસ્વામી

કવીસમ્પર્ક : એફ-20/666, પહેલા માળે, રણજીત નગર, જામનગર -361005
મોબાઈલ-9879401852, ઈ.મેલ : kiritgoswami34@gmail.com

પ્રકાશીત ગઝલ સંગ્રહો : (1) યાદનું એક લીલું પાન (2008), (2) ખરતાં પળનાં પાન (2008)

(3) મન તને સોંપી દીધું (2013), (4) ભીતરના પ્રવાસે (2016)

પ્રકાશક : ડીવાઈન પબ્લીકેશન, ગાંધી રોડ, અમદાવાદ;
ફોન (079)2216 7200, મોબાઈલ: 9825057905

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : **પંદરમું** - અંક : 430 – July 07, 2019

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો,
તમારું નામ, સરનામું, કૉન્ટેક્ટ નંબર, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..
તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે,
એક મેલ સાથે અલગ પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,64,26,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,30,22,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,84,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,12,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@